હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ વખતે આઠની જગ્યાએ અઢાર ટકા જીએસટી થઈ મારી આવકમાં આઠયાવીસ ટકા ઘટાડો થયો છે માટે બહેન આ વખતે તને હજાર રૂપિયામાંથી અઠયાવીસ ટકા કાપીને આપ્યા છે...

સિદ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર માં WDC અંતર્ગત તા.૧૦/૮/૨૦૨૨ ના રોજ સવારે ૦૯-૦૦ કલાકે વિધાર્થીનીઓ Free Health Education Awareness માટે સેમિનાર નું આયોજન કરેલ, જેનું સંચાલન ડૉ.સોનલ મેવાડા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, રાંધેજા દ્વારા વિશ્વ આદિવાસી દિવસ નીઉજવણી

૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ , રાધેજા ગ્રંથાલય વિભાગ દ્વારા, પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આદિવાસીઓના મૂળભૂત અધિકારો સામાજિક, આર્થિક અને ન્યાયિક રક્ષણ વગેરે વિશેના પુસ્તક નું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓ તેમજ સેવકો આ પ્રદર્શન માં ભાગ લીધો હતો. પુસ્તક પ્રદર્શનનું આયોજન સંકુલ ના સંયોજક ડો રાજીવભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વિભાગ ના સેવક ભરતભાઈ પરમાર, ચિરાગ પરમાર અને બિનલ?બેન શ્રીમાળી દ્વારા પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું

મગોડી હાઈસ્કૂલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

આજરોજ પી આર ઠક્કર વિદ્યાવિહાર મગોડીમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા થીમ ઉપર ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું આ સ્પર્ધામાં અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હર ઘર તિરંગા અંતર્ગત વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર મજાના ચિત્રો દોર્યા જેમાંથી પ્રથમ નંબર ના વિદ્યાર્થીઓ પસંદ કરી અને તેમને એસ વી એસ કક્ષાએ મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. સમગ્ર સ્પર્ધાનું આયોજન જે બી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું.

સેક્ટર-૨૮ ખાતે જીઆડીસી એન્જીનિયરીંગ કોમ્પ્લેક્ષ એસોસીએશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર જોડાયા હતા. એસોસીએશનના પ્રમુખ શૈલેષભાઈ પટેલ તથા અન્ય સભ્યોએ વૃક્ષારોપણ કર્યું હતું.

સ્વામીનારાયણ મંદિર ખાતે વિવિધ પ્રકારના અવનવી ડિઝાઈનના હિંડોળા બનાવવામાં આવ્યા હતા. ચકડોળ, હિંચકો, ચલણી નોટો, ડોલર જેવી વિદેશી નોટોના હિંડોળા બનાવવામાં આવ્યા હતા. ભાવિકોએ મોટી સંખ્યામાં હિંડોળા દર્શનનો લાભ લીધો હતો.

કર્ણાવતી યુનિવર્સિટી પાસે અલ્ટો-ઈકો કારના ચાલક વચ્ચે ઝપાઝપી

રોંગ સાઈટ આવી રહેલી અલ્ટો ચાલકને ધીમે હંકારવાનું કહેતા ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૧૦

ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટી કોલેજની હોસ્ટેલ પાસે રોંગ સાઈડ થી આવી રહેલી અલ્ટો કારના ચાલકને ઈકો ચાલકે ગાડી સરખી રીતે ચલાવવાનું કહ્યું હતું. જેથી અલ્ટો ચાલકે સામેવાળા યુવકને ગાળો બોલી ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ સમયે અલ્ટો ગાડીના ચાલકનું ઉપરાણુ લઈ અન્ય બે શખ્સો આવીને ઝઘડો કર્યો હતો. ત્યારે આ મારામારી દરમિયાન ઈકો ચાલકના પિતાજીનો બે તોલાનો સોનાનો દોરો પડી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોટી આદરજ ગામના વિનુજી મહોતજી ઠાકોર (ઉં.૫૩) પોતાના પરિવાર સાથે રહે છે. ગઈકાલે ફરીયાદીના નાનાભાઈ ના જમાઈને અકસ્માત થતા કે.ડી.હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી ખબર અંતર પુછવા માટે રાત્રે ગયા હતા. ત્યારબાદ પરિવારના સભ્યો આદરજ જવા માટે ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.ડી.-૯૪૨૨ લઈને નીકળ્યા હતા. બપોરના સમયે ઉવારસદ ગામમાં આવેલી કર્ણાવતી યુનિવર્સિટી કોલેજ હોસ્ટેલ પાસે પહોંચતા જ રોંગ સાઈડે એક અલ્ટો કાર ચાલક ગાડી સામે લાવીને ઉભી કરી દીધી હતી. જેને પગલે ઈકો ચલાવી રહેલા ફરીયાદીના દિકરાએ ગાડી ધીમે ચલાવવાનું કહેતા જ અલ્ટો ચાલકે ગાળો બોલવાનું શરુ કર્યું હતું. જેથી ઈકો ચલાકે ગાળો બોલવાની ના પાડતા સામેવાળા શખ્સે ગાડીમાંથી ઉતરી મારામારી કરવા લાગ્યો હતો. તે સમયે અલ્ટો કારના ચાલકનું ઉપરાણુ લઈને અન્ય બે શખ્સો આવી જતા ઈકોમાંથી છોડાવવા માટે પરિવારના સભ્યો નીચે ઉતર્યા હતા. તે સમયે ફરીયાદીના ગળામાં પહેરેલો બે તોલાનો સોનાનો દોરો રૂ.૧ લાખની કિંમતનો પડી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે વિનુજી ઠાકોરે અલ્ટો કાર નં.જી.જે.૧૮.બી.જે.-૫૭૨૪ ના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર-૨ ખાતેથી રૂ.૪૦ હજારના ફરમા ચોરાયા

બાંધકામ સાઈટ પરથી દોઢ ફુટ પહોળા અને ત્રણ ફુટ લંબાઈ ધરાવતા ૮૦ ફરમા ગાયબ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨ એ બાંધકામ સાઈટ પરથી રૂ.૪૦ હજારના ફરમાની ચોરી થવા પામી છે. તાજેતરમાં ઝુંડાલ અને ધણપ પાટીયા પાસેથી પણ ફરમાની ચોરીના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. ત્યારે સેકટર-૨ ઘર રીનોવેશનની સાઈટ પર પડેલા ૬૦૦ થી વધુ ફરમામાંથી દોઢ ફુટ પહોળાઈ અને ૩ ફુટ લંબાઈ ધરવાતા ૮૦ ફરમાની ચોરી કોઈ અજાણ્યો શખ્સ કરીને નાસી જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ એ પ્લોટ નં.૧૧૬૫-૨ ખા રહેતા બટુક મગનભાઈ મોજીદ્રા કંન્સ્ટ્રકશન ધંધા સાથે સંકળાયેલ છે. સેકટર-૨ એ ખાતે મકાનના ચાલી રહેલા રીનોવેશનની કામગીરીને પગલે લોખંડના પતરા અને ઈંગલના આશરે કુલ નંગ-૬૦૦ ફરમા વિવિધ સાઈઝના ખરીદી કર્યા હતા. જયારે આ ફરમાનો ઉપયોગ વિવિધ બાંધકામ સાઈટ પર કરતા હતા. હાલ મકાનની સામે વાડાની બાજુમાં ખુલ્લી જગ્યામાં ફરમા પડ્યા હતા. કેટલાક ફરમા પર સીટીપી લખેલુ હતું. જયારે ગત તા.૬ ના રોજ સાંજના સુમારે ફરમા જોયા હતા. પરંતુ બીજા દિવસે કુલ લેવા માટે જતા કેટલાક ફરમા જણાયા ન હતા. જેથી ફરમાની ગણતરી કરતા ૬૦૦ ફરમામાંથી ૮૦ ઓછા નીકળ્યા હતા. અંદાજીત ૧૦ કિલો વજનના ત્રણ ફુટ લાંબા, કુલ ૮૦૦ કિલો વજનના રૂ.૪૦ હજારના ફરમા ચોરી થવા પામી છે. ઘરની સામે વાડાની બાજુમાંથી ફરમા ની ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન પાસે પાર્ક કરેલી એચએફ ડીલક્ષ બાઈકની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. પહેલા ચોર ઈશમો ભીડભાડ અને જાહેર જગ્યાઓ પરથી વાહન ચોરી કરતા હતા. પરંતુ હાલ રહેણાંક વિસ્તારમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. સેકટર-૧૪ માંથી રૂ.૨૫ હજારના સીડી ડીલક્ષ બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના અને હાલ સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નં.૨૦- મકાન નં.૨૪૦-૧ ખાતે રહેતા સંદિપ દેવી પ્રસાદ ખરે (ઉં.૩૬) છેલ્લા ૧૦ વર્ષથી પોતાના પરિવાર સાથે રહે છે.જયારે સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે આવેલી ઝેરા ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં ઈલેકટ્રીશીયન તરીકે નોકરી કરે છે.

નોકરી પર આવન જાવન માટે વર્ષ ૨૦૨૦માં નવુ હીરો એચએફ ડીલક્ષ બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.-૫૪૧૬ ની ખરીદી કરી હતી. ગત તા. ૮ ઓગસ્ટના રોજ રાત્રીના સમયે નોકરી થી ઘરે આવી બાઈક ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી લોક માર્યુ હતું.

જયારે બીજા દિવસે સવારે નોકરી પર જવા માટે નીકળતા સંદિપે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. સેકટરના આસપાસના વિસ્તારમાં તેમજ વિવિધ જગ્યાએ તપાસ કરતા છતા બાઈક નહી મળી આવતા રૂ.૨૫ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સોનારડા ગામમાંથી રૂ.૧.૬૭ લાખની ચોરી

પરિવારના સભ્યો ઓસરીમાં સુઈ રહ્યા હતા, અને તસ્કરો સોના-ચાંદીના દાગીને અને રોકડ લઈ રફુચક્કર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સોનારડા ગામે મંદિરના પુજારીના ઘરમાં તસ્કરો ત્રાટકીને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૬૭ લાખની મત્તાની ચોરી કરી ચોર શખ્સો નાસી ગયા છે. ઘરના તમામ સભ્યો ઓસરીમાં સુઈ રહ્યા હતા, તે સમયે તસ્કરોએ દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી તિજોરીમાંથી ચીજવસ્તુઓ લઈ જઈ ચોરીને અંજામ આપ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સોનારડા બ્રાહ્મણ વાસમાં રહેતા અશોકભાઈ બળદેવભાઈ જોશી નરોડા ખાતે ભુદેવ ચશ્માઘર ચલાવે છે. જયારે ગામના રામજી મંદિર અને બળીયાદેવ મંદિરની પુજા પાઠ પણ કરે છે. અશોકભાઈના સાળા છેલ્લા ૬ માસથી તેમની સાથે રહીને અભ્યાસ કરે છે. જયારે રાત્રીના સમયે ઘરના તમામ સભ્યો ઘરને તાળુ મારી ઓસરીમાં સુઈ ગયા હતા. જયારે ઘરની ચાવી સંજય જાની પાસે હતી. સવારે પાંચ વાગે સંજયે જાગી જતા ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. સંજયે અશોકભાઈને જગાડીને વાત કરી હતી. પરિવારના સભ્યોએ ઘરમાં જઈને તપાસ કરતા સામાન વેર-વિખેર પડ્યો હતો. જયારે બીજા રૂમમાં પણ જઈને તપાસ કરતા તિજોરીનું તાળુ ખુલ્લુ હતું. ચાવી તિજોરીના તાળામાં ભરાવેલી હતી. તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડા રૂ.૩૦ મળી કુલ રૂ. ૧.૬૭ લાખની ચોરી થવા પામી છે. પોલીસે ડોગ સ્કવોડની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર પાસે ગીફટસીટીમાં દંપતિના મોબાઈલની ચોરી

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરની આગવી ઓળખ સમાન ગીફટસીટીમાં પણ તસ્કરો પણ પગ પેસારો કરી રહ્યા છે. ગીફટસીટીમાં આવેલી મોંઘીદાટ હોટલની સામે ગાડીમાંથી ઉતરીને દંપતિ તેમજ તેમનું મિત્ર વર્તુળ નજીકમાં ફોટા પાડી રહ્યા હતા. તે સમયે ગાડીનો ખાલી સાઈડનો દરવાજો ખુલ્લો હોવાથી કોઈ ચોર શખ્સ રૂ.૧૫ હજારની કિંમતનો ફોન ચોરી કરી પલાયન થઈ જતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ ખાતે રહેતા જયપ્રકાશ કાંતિભાઈ પ્રજાપતિ અને તેમના પત્ની રાજશ્રી બેન ગત તા.૭ ના ઓગસ્ટના રોજ સાંજના સમયે ગીફટ સીટી તરફ મિત્ર વર્તુળ સાથે ફરવા માટે ગયા હતા. ત્યારે ગીફટીસીટી સ્થિત મરક્યુરી હોટલની સામે રોડ પર અલ્ટો કાર નં. જી.જે.૧૮.એ.એચ.-૨૪૫૩ ઉભી રાખી હતી. ત્યારબાદ કારમાંથી નીચે ઉતરી બધા ફોટા પાડવા માટે ગયા હતા.તે સમયે જયપ્રકાશના પત્નીએ ડ્રાઈવરની સીટની બાજુની સીટમાં મોબાઈલ વન પ્લસ મુકી રાખી દરવાજો ખુલ્લો મુકી રાખ્યો હતો.

ત્યારે ગણતરીની મિનીટોમાં જ કોઈ ચોર શખ્સ રૂ.૧૫ હજારનો મોબાઈલ ચોરી નાસી ગયો હતો. ફોટા કલીક કર્યા બાદ તમામ સભ્યો ગાડીમાં બેસવા માટે આવ્યા હતા તે સમયે મોબાઈલ ચોરી થયાની જાણ થઈ હતી. જેથી મોબાઈલ ચોરી અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

રાસેયો દ્વારા હર ઘર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર,તા.૧૦

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા આજાદી અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમમાં રૈલી દ્વારા સાદરાના પરિસર, સાદરા ગામ, સાદરા પ્રાથમિક શાળા, સાદરા હાઈ સ્કૂલ અને પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં સુત્રો બોલી દરેક ઘરમાં તિરંગો લહરાવીએ તે સંદેશો આપવામાં આવ્યો હતો રેલીમાં લગભગ ૧૫૦ વિધાર્થીયો સ્વય સેવક જોડાયા હતા રેલીની શરૂવાત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, સાદરાથી કરવામાં આવી હતી પછી સાદરા ગામના મેઈન બજાર અને બધાજ વાસો અને મોહલ્લા, સાદરા પ્રાથમિક શાળાના બાળકો અને શિક્ષકો, હાઈ સ્કૂલના વિધાર્થીયો અને શિક્ષકો અને લોકોને સંદેશો

આપવામાં આવ્યો હતો કે તા ૧૩થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી દરેક ઘરમાં ભારત સરકારના નિયમો પ્રમાણે તિરંગો ઝંડો લેહારવાનું છે અને તેના માટે લગભગ ૫૦ ઘરોમાં તિરંગા આપવામાં આવશે અને સ્વય સેવક તેના માટે મદદ કરશે આ પ્રવૃત્તિમાં સંસ્થાનાં ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયાનાં નેજા હેઠણ કરવામાં આવી હતી સંસ્થાનાં ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએની સૂઝ અને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન અંતર્ગત આ પ્રવૃત્તિ કરવામાં આવી હતી સાથે સાથે સ્વયં સેવક શ્રી સંસ્કૃતિ જાની, ક્ષમા શર્મા અને મોતી ભરવાડ વિશેષ ભૂમિકા ભજવી હતી આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના અધ્યાપક ડૉ. અરવિદ ભાઈ રામી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જ્હાનવી પટેલનો આજે જન્મદિવસ તેમની શાખાના કર્મચારીઓએ સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે કેક કાપીને ઉજવ્યો હતો.

● જિલ્લા પંચાયતમાં રિનોવેટ થયેલ આંકડા શાખા અને આઈસીડીએસની કચેરીના શુભારંભ પ્રસંગે પંચાયત મંત્રી આવતા હોઈ પંચાયતના દરવાજા પર અને સીડીને ફુલહારની સેરો લગાવી સજાવવામાં આવેલ હતી.

● જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલને આજે પંચાયત પ્રમુખની કારની સત્તાવાર ચાવી રાજયમંત્રી બ્રિજેશ મેરજાએ સુપ્રત કર્યા બાદ સાથીઓ સાથે તેઓ પંચદેવ મંદિર દર્શન માટે ગયા હતા.

● જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ અને જિલ્લા ભાજપના પ્રમુખ અનિલ પટેલે બંધ બારણે વીસ મિનિટથી વધુ સમય માટે બેઠક કરી હતી.

● ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્રએ બાળકોના વેક્સિનેશન અભિયાન અંગે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૦૦ જેટલા લોકોને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે ૪૭૫ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા. બે દિવસથી વેક્સિનેશન અભિયાન ધીમુ પડતાં તંત્રએ હવે એસ.એમ.એસ. પર જાણ કરવાનું શરૂ કર્યુ છે.

● વિસનગરા નાગર સમાજ દ્વારા ભુવનેશ્વર મહાદેવના ચોકમાં ૨૬ ઓગષ્ટના રોજ શિવ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

● સરકારી ઈજનેરી કોલેજ ખાતે પ્લેસમેન્ટ વીકનું આયોજન કરવામાં આવ્યુ છે.

● માણસા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટની સામાન્ય સભા માણસા ખાતે મળી હતી.

● સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્રમંડળ દ્વારા ૨૦ ઓગષ્ટના રોજ સંત ભોજલરામ મંદિરના ૨૨મા પાટોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ છે.

● કલોલ તાલુકાના પલસાણા ગામે સ્કૂલના વિદ્યાર્થીઓને ઈ.વી.એમ.ની જાણકારી આપવામાં આવી હતી.

ચીફ ઓફ એર સ્ટાફ, એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી રક્ષાશક્તિ યુનિવર્સિટીની મુલાકાતે પહોંચ્યા હતા. આ મુલાકાત દરમ્યાન પારસ્પરિક હિતના વિશિષ્ટ ક્ષેત્રોમાં રીચર્સ અને ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા ઉપરાંત ભારતીય વાયુસેનાના કર્મયોગીઓ વિવિધ વિષયોમાં શૈક્ષણિક વિદ્વતાને આગળ વધારી શકે તે માટે એરફોર્સ અને રક્ષાશક્તિ યુનિવર્સિટી વચ્ચે શૈક્ષણિક સમજૂતિ કરાર કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા પ્રતિષ્ઠિત સંક્ષેપકાર મહેન્દ્ર મેઘાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી

ગાંધીનગર,તા.૧૦

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સૌથી મોટા પુત્ર મહેન્દ્ર મેઘાણીનું ૧૦૦ વર્ષની વયે હાલમાં જ અવસાન થયું છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રના પ્રતિષ્ઠિત સંપાદક, સંક્ષેપકાર, અનુવાદક, સાહિત્યપ્રસારક, ગુજરાતીના અનોખા ડાયજેસ્ટ માસિક 'મિલાપ'ના તંત્રી મહેન્દ્રભાઈ મેઘાણીનું ઑગસ્ટ ૩, ૨૦૨૨ની રાત્રે તેમના ભાવનગરના નિવાસસ્થાને અવસાન થયુ હતું.

ગાંધીનગર સાહિત્યસભા અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા સ્વ. મહેન્દ્ર મેઘાણીને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હાઈસ્કૂલ હૉલ ખાતે આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સ્વ. મહેન્દ્ર મેઘાણીની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે બે મિનિટનું મૌન પાળી મહેન્દ્ર મેઘાણીની વિશિષ્ટ વાતો યાદ કરી એમની પ્રતિષ્ઠિત સંક્ષેપકાર તરીકેના કાર્યને યાદ કર્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ સ્વ. મહેન્દ્ર મેઘાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા મિલાપ મેગેઝિનથી લઈ ફિલ્મની વાતો વાગોળી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ મહેન્દ્ર મેઘાણીની મુલાકાત દરમિયાનના સંસ્મરણો યાદ કર્યા હતા. સૌરાષ્ટ્રના સાહિત્યના અભ્યાસી વસંત ગઢવીએ એમના પુસ્તકો અને પ્રસંગો યાદ કર્યા હતા.

આચાર્ય ચેતના બુચે મહેન્દ્ર મેઘાણીના સાહિત્યને એમની શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સ્વ. મહેન્દ્ર મેઘાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કવિ શ્રી કિશોર જિકાદરા, જયરાજસિંહ સરવૈયા, અરૂણભાઈ બુચ, અશોકભાઈ ત્રિવેદી, જીલુભા ધાંધલ, નિલેશ થાનકી, ડૉ. અનિલ પટેલ, ડૉ. પ્રવીણ વાટલીયા, રણછોડભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા.